Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor: 4.081
Volume-12, Issue-3, December-2018 www.researchguru.net

# ગુજરાતી સંસ્કૃતિનો ઈતિહાસ

પ્રો.રાજેશ જે. પટેલ
સહ- પ્રાધ્યાપક ઈતિહાસ વિભાગ, એમ. એન. કોલેજ, વિસનગર

પ્રો. આનંદકુમાર પી. શાહ
સહ- પ્રાધ્યાપક રાજ્યશાસ્ત્ર વિભાગ એમ. એન. કોલેજ, વિસનગર

**સારાંશ :**

ભારતના પશ્ચિમ ભાગમાં આવેલું ગુજરાત એ આધુનિક ભારતના હાર્દ સમું રાજય બની રહ્યું છે. ગુજરાતી પ્રજા તેની સંસ્કૃતિ માટે વિશ્વ વિખ્યાત મનાય છે. આજે જ્યારે વૈશ્વિક સંસ્કૃતિઓ પોતાની આગવી અસ્મિતાઓ જાળવી રહી છે. ગુજરાતના મધ્યકાલીન ઇતિહાસમાં સલ્તન કાળ અને મરાઠા કાળ મહત્વનું સ્થાન ધરાવે છે. ગુજરાતના મધ્યકાલીન ઇતિહાસની માહિતી શ્રી. મગનલાલ વખતચંદના અમદાવાદનો ઈતિહાસ શ્રી. ર.ભી. જોટેના ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ ઇસ્લામ યુગ ગુજરાતનું પાટનગર અમદાવાદ વગેરે ગ્રંથોમાંથી મળે છે. સત્તરમી સદીમાં સ્થપાયેલા અંગ્રેજ કોઠીઓના હેવાલો ઈટાલિયન મુસાફર પી. ડેલાવલે તથા હેન્રી લોર્ડના લખાણોમાંથી સુરત, ખંભાત વગેરે સ્થળોમાં વેપારને લગતી માહિતી મળે છે. ગુજરાતમાં મુસ્લિમ સત્તાની સ્થાપના સમયે ચારેબાજુ અંધાધુંધી પ્રવર્તતી હતી. રાજપૂત રાજ્યો વેર વિખેર હાલતમાં હતા. તેઓ અંદરો અંદર ઈર્ષ્યાની આગમાં શેકાતા હતા. સોલંકી રાજ્યના અંત પછી ગુજરાતમાં કોઈ બળવાન રાજ્ય ન હતું. સૌરાષ્ટ્રના ચૂડાસમા, ગોહિલ વાળા, જેઠવા, ઝાલા, ઈડરના રણમલજી વગેરે રાજપૂત રાજાઓએ મુસ્લિમો સામે સખત યુદ્ધ ખેલ્યું. તેમ છતાં તેઓ મુસ્લિમ સત્તાની સ્થાપના અને વિકાસને અટકાવી શક્યા નહિ. ટુંકમાં મુસ્લિમ સત્તાની સ્થાપનના સમયે ગુજરાતમાં ચારે બાજુ અવ્યવસ્થા, અંધાધુંધી અને અરાજકતા પ્રસરી હતી. સર્વત્ર હિંસાનું તાંડવ દેખાતું હતું. મુસ્લિમોની વટાળ પ્રવૃત્તિ અને ગુલામો બનાવવાની પ્રવૃત્તિને લીધે પ્રજા જીવન ત્રાસી ગયું હતું. આ એક સક્રાંત કાળ હતો. મુહરમદશાહ તુગલુકના સમયમાં હિંદમા ઠેરઠેર બળવો ફાટી નીકળ્યો તેની અસર ગુજરાતમાં પણ પડી. નઝીમ મુક્બીલના સમયમાં અહીના અમીરોએ એકત્ર થઈ બળવો કર્યો. શરૂઆતમાં બળવા ખોરોએ ખંભાત લુંટ્યું ત્યારબાદ સરખેશ આગળ શાહીખજાનો લુંટી લીધું.

**ચાવીરૂપ શબ્દો :**

અભિલેખિક, સાહિત્યિક, પુરાવશેષીય, અભિલેખો, સિક્કાઓ, તામ્રપત્રો, મિરાંતે અંહેમદે, મિરાંતે સિકંદરી, નીઝામું-ઉલ-મૂલક, શમસુદ્દીન દામયાની.

ભારતના પશ્ચિમ ભાગમાં આવેલું ગુજરાત એ આધુનિક ભારતના હાર્દ સમું રાજય બની રહ્યું છે. ગુજરાતી પ્રજા તેની સંસ્કૃતિ માટે વિશ્વ વિખ્યાત મનાય છે. આજે જ્યારે વૈશ્વિક સંસ્કૃતિઓ પોતાની આગવી અસ્મિતાઓ જાળવી રહી છે. ત્યારે ગુજરાત પણ તેની સાંસ્કૃતિક વિરાસત માટે સમગ્ર વિશ્વનું ધ્યાન ખેંચે છે. ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસની સાધન સામગ્રીની ઉપયોગીતા જુદા જુદા સમયે જુદી જુદી રહી છે.

પ્રાચીન કાળમાં પાક-સોલંકી કાળ માટે સિક્કાઓ, શિલાલેખો અને તામ્રપત્રો આધારભૂત સાધન મનાતા હતા. સોલંકી કાળના ઈતિહાસ માટે અભિલેખો, તામ્રપત્રો અને સમકાલીન સાહિત્ય આધારભૂત મનાય છે. જ્યારે મધ્યકાલીન ગુજરાતના સાંકૃતિક ઈતિહાસ માટે મુસ્લિમ અને હિંદુ રાજ્યાઓની સિક્કાઓના અરબી-ફારસી અને સંસ્કૃત-ગુજરાતી અભિલેખો મુસ્લિમ તવારીખો શાહીફરમાનો અખબારાત વગેરે નોંધપાત્ર ગણાય છે.[૧]

ગુજરાતના મધ્યકાલીન ઇતિહાસમાં સલ્તન કાળ અને મરાઠા કાળ મહત્વનું સ્થાન ધરાવે છે. ગુજરાતના મધ્યકાલીન ઇતિહાસની માહિતી શ્રી. મગનલાલ વખતચંદના અમદાવાદનો ઈતિહાસ શ્રી. ર.ભી. જોટેના ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ ઇસ્લામ યુગ ગુજરાતનું પાટનગર અમદાવાદ વગેરે ગ્રંથોમાંથી મળે છે. આમ જોઈએ તો સાંસ્કૃતિક ઇતિહાસનું ક્ષેત્ર એટલું બધું વિશાળ છે કે સંપૂર્ણ વિગતો આપવી મુશ્કેલ છે. તેથી આ લેખમાં સંપૂર્ણ વિગતોનો અભાવ તો ચોક્કસ દેખાશે જ પરંતુ તે દિશામાં કશુંક પ્રસ્તુત કરવાનો મારો નમ્ર પ્રયાસ છે. સદર સંશોધન કાર્યમાં ઉપયોગી સાધનોને ત્રણ વિભાગોમાં વહેચી શકાય.

૧. અભિલેખિક   ૨. સાહિત્યિક અને ૩. પુરાવશેષીય

અભિલેખિક સાધનોમાં અભિલેખો, સિક્કાઓ, તામ્રપત્રો વગેરેનો સમાવેશ થાય છે.

સાહિત્યિક સાધનો ને બે વિભાગમાં વહેચી શકાય.

૧.સમકાલીન અને ૨.અનુકાલિન

સમકાલીન સાહિત્યમાં મુસ્લિમ તવારીખો મહત્વનું સ્થાન ધરાવેછે. સલ્તન કાળ અને મુઘલકાળ દરમિયાન કેટલાંક પરદેશી ઈતિહાસકારોએ રાજ્યાશ્રય મેળવીને લેખન કાર્ય કર્યું હતું. તેમણે રાજવીઓને ખુશ કરવા અરબી-ફારસીમાં કેટલાંક ચારિત્ર્ય ગ્રંથો રચ્યા હતા.

ગુજરાતમાં મુસ્લિમ રાજ્ય સ્થપાતા ધીરે ધીરે પાટણનું મહત્વ ઓછું થયું પાટણની વિદ્યાકીય પ્રવૃતિઓનો લગભગ અંત આવ્યો ધીરેધીરે ગુજરાત માં સંસકૃત-પ્રાકૃતને બદલે પ્રાદેશિક ભાષામાં સાહિત્ય રચાવા  માંડ્યુ આ સમયે રચાયેલું હિંદુ સાહિત્ય મહદંશે બ્રાહ્મણોએ રચ્યું છે. આ સમયની સર્વ કૃતિઓ ધર્મના રંગે રંગાયેલી જોવા મળે છે.[૨]

મુઘલકાળ દરમિયાન કવિ પ્રેમાનંદે “નળાખ્યાન”  ‘સમુદામા ચરિત્ર’ દશમસ્કંધ જોવા ‘શામળશાહનો વિવાહ’ ‘હુંડી’ ‘કુંવરબાઈનુંમામેરું’ વગેરે આખ્યાનો રચ્યાં કવિ શામળ, અખો, વલ્લભભટ્ટ વગેરે કવિઓએ પોતાના ગ્રંથો દ્વારા ગુજરાતની પ્રજાને ધર્મનું જ્ઞાન આપ્યું શામળે પોતાની કવિતા દ્વારા ગુજરાતના સમાજ જીવનને આલેખ્યું. પ્રેમાનંદકૃત વિવેક વણજારો શામળની  બત્રીસપુતળીઓની વાર્તા વલ્લભના ગરબા અને દયારામની ગરબીઓ ગુજરાતનું અમર સાહિત્ય  છે.

આ સમયે રચાયેલા જૈન સાહિત્યમાં મેરુ તુંગાચાર્ય કૃત પ્રબોધ ચિંતામણી રાજશેખરસૂરી કૃત, પ્રબંધકોશ, રત્નમંદીર ગણિકૃત ઉપદેશ તરંગીણી  શ્રીધરાચાર્યકૃત ગણિતસાર માંથી સલ્તનકાલીન ગુજરાતના સાંસ્કૃતિક ઈતિહાસને લગતી વિગતો મળે છે

મહમૂદ બેગડાના સમયથી ગુજરાતમાં ફિંરગીઓએ પગ પેસારો શરુ કર્યો હતો ઈ.સ. ૧૫૦૦માં ફિરંગી મુસાફરે બારબોસાએ પોતાના પ્રવાસના વર્ણનમાં ગુજરાતની રાજકીય સ્થિતિ

ઉધોગ ધંધા ,બંદરોની વગેરેને લગતી વિગતો આપી છે. ફિરંગી સચિવ ગેસ્વરે પોતાના ગ્રંથોમાં ઈ.સ. ૧૪૯૭ થી ૧૫૫૦ સુધીના ગુજરાતમાંની ફિરંગીઓની પ્રવૃતિઓ વિશેનો ખ્યાલ આપ્યો છે.

સત્તરમી સદીમાં સ્થપાયેલા અંગ્રેજ કોઠીઓના હેવાલો ઈટાલિયન મુસાફર પી. ડેલાવલે તથા હેન્રી લોર્ડના લખાણોમાંથી સુરત, ખંભાત વગેરે સ્થળોમાં વેપારને લગતી માહિતી મળે છે.[૩]

અનુકાલીન સાહિત્ય : અનુકાલીન સાહિત્યમાં ‘ મિરાંતે અંહેમદે, મિરાંતે સિકંદરી, દીવાન રણછોડજી અમરજી કૃત તારીખે સોરઠ ૮ અમદાવાદના સારાભાઈ નાગરકૃત, મુખ્તસર તારીખે ગુજરાત, મગનલાલ વખતે ચંદકૃત, અમદાવાદનો ઈતિહાસ, એદંલજી ડોસાભાઈ રચિત ગુજરાતના ઈતિહાસ વગેરે માંથી ગુજરાતનો સલ્તનત કાળ, મુઘલ કાળ, અને મરાઠાકાળના ઈતિહાસને લગતી ગણી માહિતી મળે છે.

આ સમયના સ્થાપત્યકીય સ્મારકોમાં કેટલાંક જીણોદ્ધાર પામેલા દેવાલયોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત આ સમયે રચાયેલા મુસ્લિમ સ્થાપત્યો-જેવા કે મસ્જિદો રોજા, દરગાહ, ઈદગાહ તેમજ બિન ધાર્મિક સ્થાપત્યો વાવ, તળાવ, કુવા વગેરે માંથી નોંધપાત્ર માહિતી મળે છે.

ચિત્રકલા સમાજના અનેક પાસાઓ પર સારો એવો પ્રકાશ ફેકે છે. સલ્તનત કાલીન ચિત્રોના નમૂના આ સમયે રચાયેલા જૈન ગ્રંથોની હસ્તપ્રતો માંથી મળે છે. આ ચિત્રો પશ્ચિમ ભારતની લઘુ ચિત્ર શૈલીનો ખ્યાલ આવે છે. આ સમયના ચિત્રો પાટણના ગ્રંથ ભંડારમાંના ચાંપાનેરના પ્રસંગોચિત પંચતીર્થ પર કલ્પસૂત્ર બાલગોપાલ સ્તુતિ વગેરે ગ્રંથોમાંથી મળે છે.[૪]

ગુજરાતમાં મુસ્લિમ સત્તાની સ્થાપના સમયે ચારેબાજુ અંધાધુંધી પ્રવર્તતી હતી. રાજપૂત રાજ્યો વેર વિખેર હાલતમાં હતા. તેઓ અંદરો અંદર ઈર્ષ્યાની આગમાં શેકાતા હતા. સોલંકી રાજ્યના અંત પછી ગુજરાતમાં કોઈ બળવાન રાજ્ય ન હતું. સૌરાષ્ટ્રના ચૂડાસમા, ગોહિલ વાળા, જેઠવા, ઝાલા, ઈડરના રણમલજી વગેરે રાજપૂત રાજાઓએ મુસ્લિમો સામે સખત યુદ્ધ ખેલ્યું. તેમ છતાં તેઓ મુસ્લિમ સત્તાની સ્થાપના અને વિકાસને અટકાવી શક્યા નહિ.

રાજપૂતો પોતાને સૂર્યવંશી કે ચંદ્રવંશી કહેવડાવતા હોવા છતાં તેમના સમાજમાં અનેક પ્રકારની બંદીઓ ફેલાયેલી હતી. આ ઉપરાંત નાના મોટા ધંધાઓને અનુરૂપ જ્ઞાતિઓ જેવી કે રંગારા, ભાટિયા, ભોઈ, સોની, બ્રહ્મક્ષત્રિય વગેરે અસ્તિત્વમાં હતી. નવનારુ અને પાંચકારુ નામે ઓળખાતા કારીગરોની સ્વતંત્ર જ્ઞાતિઓ અસ્તિત્વ ધરાવતી હતી. ઘણી જ્ઞાતિઓમાં મિશ્રણ થયેલું જોવા મળે છે. ઘણાને વટલાવીને મુસ્લિમ બનાવવામાં આવ્યા હતા. ઘણી હલકી જ્ઞાતિઓમાં ચાવડા, પરમાર, રાઠોડ વગેરે અટકો જોવા મળે છે. ગુજરાતમાં સોલંકી કાળ દરમિયાન વ્યાપક બનેલો શૈવ ધર્મ અસ્તિત્વમાં હોવા છતાં તેના મૂળ સ્વરૂપ પાશુપત સંપ્રદાયનો ધીરે ધીરે અસ્ત થયો હતો. વૈષ્ણવ સંપ્રદાય જૈનસંપ્રદાય તેમના અસલ સ્વરૂપમાં ટકી રહ્યા હતા. બૌદ્ધ ધર્મનો સદંતર લોપ થયો હતો. શાંતિ સંપ્રદાયની તાંત્રિક વિધિઓ અસ્ત પામતી જતી હતી. તેના સ્થાને દેવીપુજા સૌમ્ય સ્વરૂપે વિકસતી જતી હતી. મુસ્લિમ આક્રમણને લીધે ઘણા લોકો પોતાના ઘરમાં દેવ સેવા રાખતા આના પરિણામે દેવોની નાની પ્રતિમાઓનું સર્જન થવા લાગ્યું.

સમાજમાં અસ્પૃશ્યતાનો વિકાર વધતો જતો હતો. તેના પરિણામે દરેક ઠેકાણે હરિજનોના વાસ અલગ પડી ગયા હતા. ગુજરાતમાં મુસ્લિમ સત્તાની સ્થાપના થતા મુસ્લિમ

સુલતાનો હિંદુઓ જેવી ધાર્મિક ઉદારતા દાખવી શક્યા નહિ. તેમણે અનેક ઉત્તમ હિંદુ મંદિરોનો નાશ કર્યો. મુસ્લિમ આક્રમણોને લીધે ગુજરાતનો વેપાર અસ્ત વ્યસ્ત થઈ ગયો હતો. ખેતી બરબાદ થઈ ગઈ હતી. ખેડૂતો બેહાલ બન્યા હતા. બંદરો પ્રવૃત્તિહીન બન્યા હતા. નાણાતંત્ર પડી ભાંગ્યું હતું. કોઈ ચોક્કસ પ્રકારની વિનિમય પદ્ધતિ અસ્તિત્વમાં હોય તેમ જણાતું નથી સિક્કાઓનો સદંતર અભાવ વર્તાનો હતો. સોલંકી કાલીન કોઈ આધારભૂત સિક્કાઓ આજદિન સુધી મળ્યા નથી. મુસ્લિમ આક્રમણોને લીધે મંદિર સ્થાપત્યોનો વિકાસ અટકી ગયો.[૫]

ટૂંકમાં મુસ્લિમ સત્તાની સ્થાપનના સમયે ગુજરાતમાં ચારે બાજુ અવ્યવસ્થા, અંધાધુંધી અને અરાજકતા પ્રસરી હતી. સર્વત્ર હિંસાનું તાંડવ દેખાતું હતું. મુસ્લિમોની વટાળ પ્રવૃત્તિ અને ગુલામો બનાવવાની પ્રવૃત્તિને લીધે પ્રજા જીવન ત્રાસી ગયું હતું. આ એક સક્રાંત કાળ હતો.

વાઘેલા સોલંકી રાજવી કર્ણદેવ બીજાના મહા માત્ય માધવની પ્રેરણાથી દિલ્હીના સુલતાન અલાઉદ્દીન ખીલજીએ ગુજરાત પર આક્રમણ કર્યું, કવિ પદ્મનાભ જણાવે છે કે કર્ણદેવે માધવના કુટુંબની કોઈ સ્ત્રી પર અત્યાચાર ગુજાર્યો હોવાના લીધે માધવે વેર વાળવા માટે અલાઉંદ્દીન ખીલજીને ગુજરાત ઉપર આક્રમણ કરવા ઉશ્કેર્યો. સુલતાને ઈ.સ. ૧૨૯૮ના ઉતરાર્ધ કે ૧૨૯૯ના પૂર્વાર્ધમાં ઉલુઘખાણ અને મલેક નુસરતને મોટી ફોજ લઈ ગુજરાત જીતવા રવાના કર્યો. આ આક્રમણને સામનો રાય કર્ણદેવ ન કરી શક્યો. પાટણ લુંટાયું કર્ણદેવ તેની પુત્રી દેવળદેવી સાથે નાસી છુટ્યો. પોતાની પત્ની મુસલમાનોને હાથે કેડ પકડાઈ સમય જતાં તે દિલ્હીના બાદશાહના બેગમ બની. આ પછી મુસ્લિમ સૈન્યે સોમનાથ ભાંગ્યું અને સૌરાષ્ટ્રના પ્રેદેશને વેરાન બનાવી દીધો. આ સમય દરમિયાન અનેક હિંદુ મંદિરોનો નાશ થયો.[૬]

ઈ.સ ૧૩૦૪માં ગુજરાતમાં મુસ્લિમ સત્તા સ્થપાતા સુલતાન અલાઉદ્દીન ખીલજીએ પોતાના સાળા મલેક સંજરને ‘અલ્પખાન’ નો ખિતાબ આપી ગુજરાતના નઝીમ તરીકે નીમ્યો નઝીમ અલ્પખાન પછી નઝીમ કમાલુદ્દીન ગુર્ગ નીમાયો પરંતુ તે વહીવટ બરાબર સંભાળી શક્યો નહિ. ગુજરાતના બળવા ખોરોએ તેને મારી નાખ્યો. આ અરસામાં દિલ્લીના બાદશાહ અલાઉદ્દીનનું અવસાન થયું. આ પછી મલેક કાફૂરે શિહાબુદ્દીન નામના બાળશાહજાહાને સુલતાન બનાવા સત્તાના સુત્રો પોતાના હાથમાં લીધા. પરંતુ થોડાક જ વખતમાં શિહા બુદ્દીનને પદભ્રષ્ટ કરી. મુબારકશાહ સત્તામાં આવ્યો. ત્યારબાદ તુગલુક વંશના શાસન નીચે ગુજરાત ઈ.સ.૧૩૨૦થી ૧૪૦૩ સુધી રહ્યું. તગલુક વંશના સુલતાન ગયાસુદ્દીન તુગલુકથી સુલતાન ફિરોજશાહ તુગલુકના સમય સુધી ગુજરાત આ શાસન નીચે રહ્યું.

મુહરમદશાહ તુગલુકના સમયમાં હિંદમા ઠેરઠેર બળવો ફાટી નીકળ્યો તેની અસર ગુજરાતમાં પણ પડી. નઝીમ મુક્બીલના સમયમાં અહીના અમીરોએ એકત્ર થઈ બળવો કર્યો. શરૂઆતમાં બળવા ખોરોએ ખંભાત લુંટ્યું ત્યારબાદ સરખેશ આગળ શાહીખજાનો લુંટી લીધું. ગુજરાતમાં ચારેય બાજુ આગ અને લુંટફાટનું તાંડવ રચાયું. ઈ.સ.૧૩૫૧માં સુલતાન મુહમ્મદશાહ તુગલુકનું અવસાન થતા દિલ્હીની ગાદીએ તેનો પીતરાઈ ફીરોજશાહ તુગલુક આવ્યો તેના સમયમાં ગુજરાતમાં અનુક્રમે નીઝામું-ઉલ-મૂલક ફઝરખાન ફારસી અને દરિયાખાન તેમજ શમસુદ્દીન દામયાની વગેરે સૂબાઓ સત્તા પર આવ્યા. ઈ.સ.૧૪૦૩ થી ૧૫૭૩ સુધી ગુજરાતની સલ્તનત સ્વતંત્ર રહી આ સમય દરમિયાન ગુજરાતમાં સુલતાન

મુહમદશાહ પહેલો સુલતાન મુઝુફરશાહ પહેલો સુલતાન અહમદશાહ પહેલો જેવા સુલતાનોએ ગુજરાત પર રાજ્ય કર્યું.[૭]

**સમાપન** :

ઈ.સ ૧૩૦૪માં ગુજરાતમાં મુસ્લિમ સત્તા સ્થપાતા સુલતાન અલાઉદ્ધીન ખીલજીએ પોતાના સાળા મલેક સંજરને 'અલ્પખાન' નો ખિતાબ આપી ગુજરાતના નઝીમ તરીકે નીમ્યો નઝીમ અલ્પખાન પછી નઝીમ કમાલુદ્ધીન ગુર્ગ નીમાયો પરંતુ તે વહીવટ બરાબર સંભાળી શક્યો નહિ. ગુજરાતના બળવા ખોરોએ તેને મારી નાખ્યો. આ અરસામાં દિલ્લીના બાદશાહ અલાઉદ્ધીનનું અવસાન થયું. આ પછી મલેક કાફૂરે શિહાબુદ્ધીન નામના બાળશાહજાહાને સુલતાન બનાવા સત્તાના સુત્રો પોતાના હાથમાં લીધા. પરંતુ થોડાક જ વખતમાં શિહા બુદ્દીનને પદભ્રષ્ટ કરી. મુબારકશાહ સત્તામાં આવ્યો. ત્યારબાદ તુગલુક વંશના શાસન નીચે ગુજરાત ઈ.સ.૧૩૨૦થી ૧૪૦૩ સુધી રહ્યું. તગલુક વંશના સુલતાન ગયાસુદ્દીન તુગલુકથી સુલતાન ફિરોજશાહ તુગલુકના સમય સુધી ગુજરાત આ શાસન નીચે રહ્યું.

**સંદર્ભ**:

(૧) ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ- શ્રી નવિનચંદ્ર આચાર્ય અધતન આવૃત્તિ ૨૦૧૫ યુનિવસર્ટી ગ્રંથ નિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય, અમદાવાદ-૬

(૨) ગુજરાતના ધર્મ સંપ્રદાયો નવીનચંદ્ર આચાર્ય ૧૯૮૩

(૩) તારીખે સોરઠ-વ-હાલર- દેસાઈ મોહનલાલ ૧૯૭૮

(૪) જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ મુબઈ ૧૯૩૩-દેસાઈ શંભુપ્રસાદ

(૫) ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ-આચાર્ય નવીનચંદ્ર- યુનિ : ગ્રંથ નિર્માણ બાર્ડ- અમદાવાદ

(૬) ગુજરાતનો રાજકીય ઈતિહાસ પરીખ.ર.છો. અને શાસ્ત્રી હરિપ્રસાદ.ગં ૧૯૮૧

(૭) ગુજરાતમાં ખ્રિસ્તી મંડળીનો ઈતિહાસ લાજરસ તેજપાળ સુર ૧૯૨૮